ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલીફોન : ૨૬૩૦૧૩૪૧–૨૬૩૦૦૩૪૨–૪૩
૨૬૩૦૦૧૨૬ અને૨૬૩૦૦૬૬૪
ટેલીગ્રામ : યુનિ.ગુજરાત

FAX : (079) 26302654 & 26306194
Phone : 26301341-26300342-43,
26300126 & 26300664
Gram : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પોસ્ટ બોક્ષ નં ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO.4010, NAVRANGPURA
AHMEDABAD-380 009.

૦૧/૦૧/૨૦૨૨

## <u>પ્રેસનોટ</u>

## આઝાદીના અમૃતપુત્ર પંડિત શ્યામજીકૃષ્ણ વર્મા પુસ્તક ભારતના આરોગ્ય મંત્રી ડૉ.મનસુખભાઈ માંડવીયાને સુપ્રત કરાયું.
## આરોગ્ય મંત્રી ડૉ.મનસુખભાઈ માંડવીયાએ શુભકામના પાઠવી.

આઝાદીના ૭૫માં વર્ષની ઉજવણી "આઝાદીકા અમૃત મહોત્સવ" અંતર્ગત સમગ્ર ભારતમાં વૈવિધ્યસભર કાર્યક્રમો દ્વારા કરવામાં આવી રહી છે. ૧૨ માર્ચ ૨૦૨૧ના રોજ અમદાવાદ સ્થિત મહાત્મા ગાંધી આશ્રમ ખાતેથી ભારતના વડાપ્રધાન અને ગુજરાતનાં ગૌરવ શ્રી નરેન્દ્રભાઇ મોદીએ શિક્ષણ સંસ્થાઓ અને શિક્ષણવિદો આઝાદી કા અમૃત મહોત્સવ પ્રસંગે ભાવી પેઢી સમાન છાત્ર-છાત્રાઓને પ્રેરણારૂપ કાર્ય કરે તેવી કરેલી અપીલને ધ્યાને લઇને ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ ડૉ.જગદીશ ભાવસારે ગુજરાતનાં કચ્છ જીલ્લાના માંડવીમાં જન્મેલ આઝાદીના લડવૈયા પંડિત શ્યામજીકૃષ્ણ વર્માના યોગદાન અને અન્ય લડવૈયાઓને સાંકળીને પંડિત શ્યામજીકૃષ્ણ વર્મા "આઝાદીના અમૃતપુત્ર" પર પુસ્તક સંપાદન કર્યું હતું.

આજરોજ ગુજરાતનાં ગૌરવ ભારતના આરોગ્ય અને રસાયણ વિભાગના મંત્રી ડૉ.મનસુખભાઈ માંડવીયાને ખાસ ભેટ કરી આ પુસ્તક ડૉ.જગદીશ ભાવસારે સુપ્રત કર્યું હતું. ભારતના આરોગ્ય ને રસાયણ વિભાગના મંત્રી ડૉ.મનસુખભાઈ માંડવીયાએ ગુજરાત અને ભારતની ભાવિ પેઢી તેમજ પ્રજાજનોને ઉપયોગી આઝાદીના લડવૈયાઓના યોગદાનને ગ્રંથસ્થ કરવા બદલ ડૉ.જગદીશ ભાવસારને અભિનંદન આપ્યા હતા. આઝાદીના અમૃત મહોત્સવને પ્રેરણા મહોત્સવ તરીકે સૌને ઉજવવા અનુરોધ કર્યો હતો.



